જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૧/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૬૦/૧૮

રખિયાલ પોલીસ સ્ટેશન :

## ગેરકાયદેશર કતલ કરેલ ગૌ વંશ તથા ભેંશ વંશના માંસનો જથ્થો આશરે ૧૨૦૦/- કીલો જેટલો પકડી પાડતી રખિયાલ પોલીસ

અધિક પોલીસ કમિશ્નર શ્રી -સેક્ટર -૨ સાહેબ , તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન - ૫ , અમદાવાદ શહેર તથા મદદનીશ પો.કમિ.શ્રી એચ વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઇંસ્પેક્ટર રખિયાલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા ગેર-કાયદેસર રીતે થતી ગૌ માંસની કતલ તેમજ હેરફેર અટકાવવા સારૂ આજરોજ પો.સ.ઇ. પી.જે.ખરસાણ તથા હેકો સુધાકર ફુલસિંહ બનં ૯૮૩૫ તથા હેકો રેવાભાઇ હમીરભાઇ બનં ૪૭૦૨ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા , દરમ્યાન કલંદરી મસ્જીદ ચાર રસ્તા પાસે આવતા સાથેના પોકો પ્રવીણભાઇ બેચરભાઇ બ.નં ૧૦૧૧૪ તથા પોકો અપુર્વ ગીરીશભાઇ બ.નં ૧૨૩૫૪ નાઓને મળેલ ખાનગી સંયુક્ત બાતમી-હકીકત આધારે રખિયાલ આંબાવાડી ચાર રસ્તા પાસે આવેલ ગ્લોબલ એસ્ટેટ ખાતેથી આ કામના આરોપીએ પોતાના કબજાની "એક ટાટા કંપનીની આર.એક્ષ પ્લસ ગાડી નં- GJ-02-Z-7881 માં કોઇ સ્થળેથી ગેરકાયદેશર અને ઘાતકી રીતે કતલ કરેલ ગૌ વંશ તથા ભેંશ વંશના માંસનો જથ્થો આશરે ૧૨૦૦/- કીલો કિ રૂ ૧,૨૦,૦૦૦/- નો ભરી લાવી તથા ગાડીની કીરૂ ૨૦૦૦૦૦/- ની રખિયાલ ગ્લોબલ એસ્ટેટમાં મુકી નાશી ગયેલ હોઇ સદરી કામે આરોપીની વિરૂધ્ધમા ધી ગુજરાત પશુ સંરક્ષણ અને સુધારા અધિનિયમ - ૨૦૧૭ ની કલમ ૫,૬(બી)મા પેટા (3) ની પેટા કલમ -૨ , ૮ તથા ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૩૯૨ તથા ઇપીકો કલમ ૪૨૯ મુજબ કાયદેસર ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી નોંધપાત્ર કામગીરી કરેલ છે. તા ૨૦/૧૧/૧૮

## જવેલર્સની દુકાનો/ શોરુમમાં જઈ દાગીના ખરીદ કરવાના બહાને નજર ચુકવી છેતરપીંડીથી દાગીના પડાવતી ઇરાની ગેંગના એક સાગરિતને પકડી પાડી અમદાવાદ શહેર, ગાંધીનગર, હળવદ, મહિસાગરના વીરપુર, સુરેન્દ્રનગર, પેટલાદ તથા રાજ્ય બહારના ગ્વાલીયર, ઉદયપુર વિગેરે શહેરોના મળી કુલ-૮ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર તથા અન્ય શહેરોમાં તેમજ રાજ્ય બહારનાં શહેરોમાં આવેલ જવેલર્સની દુકાનો તથા શો-રુમમાં ગ્રાહક તરીકેના સ્વાંગમાં જઈ દાગીના ખરીદ કરવાના બહાને જવેલર્સના કર્મચારીઓની નજર ચુકવી દાગીના પડાવી નાસી જઈ છેતરપીંડીના બનાવો બનવા પામેલ હોય અને આ ગુનાઓના ભેદ વણ ઉકેલાયેલ હોય જેથી આવા પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલવા સારૂ ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ અવાર-નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી આર.એસ. સુવેરા, પો.સ.ઇ. શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ શ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઈ. શ્રી આર.જે.ચૌધરી નાઓ આ ગેંગ વિશે માહીતી મેળવવા ટેકનીકલ અને ફીઝીકલ રીતે પ્રયત્નશીલ હતા અને આવા પ્રકારના બનાવોનો ઝીણવટપુર્વક અભ્યાસ કરતાં કોઈ આંતરરાજ્ય ગેંગ કાર્યરત હોવાનું ફલિત થયેલ. ત્યારબાદ આ દિશામાં સતત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન ઇરાની ગેંગના હુસેનઅલી હમઝાઅલી ઇરાની તથા તેના સાગરીતો આવા પ્રકારના ગુનાઓ કરવા માટે મધ્યપ્રદેશના સેંદવા થી ગુજરાતમાં તેમજ અન્ય રાજ્યોમાં આવતા જતા હોવાની માહીતી સોંપડેલ.

આ દરમ્યાન પો.સ.ઈ. શ્રી વાય.એમ.ગોહિલ નાઓને ખાનગી રાહે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ઉપરોક્ત ઈરાની ગેંગના મુખ્ય સુત્રધાર હુસેનઅલી S/O હમઝાઅલી અસ્તરઅલી સૈયદઝાફરી (ઇરાની) ઉ.વ.૩૩ રહે. દેવઝીરી કોલોની, ગવર્મેન્ટ સ્કુલની પાસે, સેંદવા, તા.સેંદવા, જિ.બડવાની, મધ્યપ્રદેશ નાને અમદાવાદ શહેર વિસ્તારમાંથી પકડી પાડેલ. પકડાયેલ આરોપી હુસેનઅલી ની ઝીણવટપુર્વક પુછપરછ તપાસ કરતાં છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન તે પોતાના સાગરીતો સાથે **અમદાવાદ શહેર, ગાંધીનગર, હળવદ, મહિસાગરના વીરપુર, સુરેન્દ્રનગર, પેટલાદ તથા રાજ્ય બહારના ગ્વાલીયર, ઉદયપુર** વિગેરે શહેરોમાં આવી જવેલર્સની દુકાનો તથા શો-રુમમાં ગ્રાહક તરીકેના સ્વાંગમાં જઈ દાગીના ખરીદ કરવાના બહાને જવેલર્સના કર્મચારીઓની નજર ચુકવી દાગીના પડાવી નાસી જઈ છેતરપીંડી કરતા હોવાની કબુલાત કરેલ છે. જે બનાવો બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓ દાખલ થયેલ છે.

(૧) નવરંગપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૯૩/૨૦૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૭૦, ૧૧૪

(૨) ગાંધીનગર ઈન્ફોસીટી પો.સ્ટે. ફ.ગુ.રનં.૭૨/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૦૬.૪૨૦.૧૧૪

(૩) મહિસાગર જિલ્લાના વીરપુર પો.સ્ટે. ફ.ગુ.રનં.૧૭/૧૮ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦

(૪) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૬/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦, ૧૧૪

(૫) પેટલાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. /૨૦૧૮ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦ મુજબ.

### આરોપીની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓ શોધાયેલ છે

પકડાયેલ આરોપીએ પોતાના સાગરીતો સાથે મળી સુરેન્દ્રનગર તથા રાજ્ય બહારના ગ્વાલીયર, ઉદયપુર વિગેરે શહેરોમાં જઈ આવા પ્રકારના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

પકડાયેલ આરોપીનો ગુનાહિત પુર્વ ઈતિહાસ

પકડાયેલ આરોપી હુસેનઅલી સૈયદ જાફરી ચાર પાંચ વર્ષ અગાઉ કચ્છના ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા, ગધીસા અને અમરેલી પોલીસ સ્ટેશનોમાં તથા દશેક દિવસ અગાઉ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં મળી આવા પ્રકારના કુલ ૬ થી ૭ ગુનાઓમાં પકડાયેલ છે.

આ આરોપી તથા તેના અન્ય સાગરીતોએ આ સિવાય બીજા ગુનાઓ આચરેલ છે કે કેમ ? તેમજ તેની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**છેલ્લા આઠેક વર્ષથી ખુન,ખુનની કોશીષ,મારા મારી અને આર્મ્સ એકટના મળી કુલ્લે-૦૪ ગુનાઓમાં નાસતા ફરતા આરોપી વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જર ની રાજસ્થાન ખાતેથી ધરપકડ કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.**

અમદાવાદ શહેર વિસ્તારના જુદાજુદા ગુનાઓમાં ઘણા સમયથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ દ્વારા સુચના આપવામાં આવેલ જે આધારે શ્રી જે.કે.ભટ્ટ ખાસ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાંચ,શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાંચ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહીલ નાઓ દ્વારા જુદીજુદી ટીમો બનાવી ગુજરાત રાજયની બહાર રહેતા આરોપીઓને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરવામાં આવેલ અને જે આધારે ઓટોરીક્ષા પેસેન્જર લુંટ/થેફ્ટ સ્કોડના પો.ઇ.શ્રી આર.એસ.સુવેરા નાઓએ તથા તેમની ટીમના પો.સ.ઇ.શ્રી વાય.એમ.ગોહીલ,પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર,પો.સ.ઇ.શ્રી આર.જે.ચૌધરી,પો.સ.ઇ.શ્રી એ.એચ.સલીયા તથા સ્ટાફના માણસોએ વિનોદ @ દાંતલો હરવિરસિંગ ગુર્જર રહે.ગામ:છોટી ચાંદણ તા.શ્રીમહાવીરજી જી.કરોલી રાજસ્થાન નાનો કે જેણે તથા તેના સાગરીતો હેમંત @ પપ્પુ પાલ, અજીત હમીરસિંહ વાઘેલા નાઓએ ભેગા મળી અમરાઇવાડી પો.સ્ટે વિસ્તારમાં એક બળવંતભાઇ ત્રિકોલનાથ વર્મા નામના માણસ સાથે સને ૨૦૧૧ માં વાસી ઉતરાયણના દીવસે થયેલ ઝઘડાની અદાવત રાખી તા.૧૩.૪.૨૦૧૧ ના રોજ સી.ટી.એમ હનુમાનનગર બનારસી પાન પાર્લર પાસે ચાકુ વડે ઘા મારી ઇજાઓ પહોંચાડી નાસી ગયેલ અને આ બળવંતભાઇ ત્રિકોલનાથ વર્મા ને સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ જેથી બળવંતભાઇ ત્રિકોલનાથ વર્માને મારી નાખવાના ગુનાહીત કાવત્રાપુર્વક વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જર તથા અમીત @ કાંચો ભરતસિંગ થાપા, હીતેષ @ ચકો હર્ષદભાઇ બારોટ તથા અજીત હમીરસિંહ વાઘેલા નાઓએ એલ.જી.હોસ્પીટલ ખાતે જઇ બળવંતભાઇ ત્રિકોલનાથ વર્માને પોતાની પાસેના છરા અને ચાકુ જેવા ઘાતક હથીયારોથી ઘા મારી ગંભીર જીવલેણ ઇજાઓ પહોંચાડી મોત નીપજાવી ભાગી ગયેલ અને આ વિનોદ @ દાંતલો આ સિવાય સને ૨૦૧૦ માં રામોલ પો.સ્ટે.ના એક મારામારીના ગુનામાં અને ડી.સી.બી.પો.સ્ટે.ના આર્મ્સ એકટના મળી કુલ્લે ૪ ગુનામાં નાસતો ફરતો હોવાનુ જણાયેલ હોય આ વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જરની ખાનગી બાતમી રાહે તેમજ ટેકનીકલ મદદ આધારે જરૂરી માહીતીઓ એકત્રીત કરી પો.સ.ઇ.શ્રી આર.જે.ચૌધરી,પો.સ.ઇ શ્રી એ.એચ.સલીયા તથા સ્ટાફના માણસો વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જરની તપાસમાં રાજસ્થાન ખાતેથી ગયેલ અને રાજસ્થાન તા.હિન્ડોન જી.કરોલી ના ચાંદનગામથી વિનોદ @ દાતલો @ દાતણીયા S/o હરવિરસિંગ શીવલાલસિંગ જાતે ગુર્જર ઉવ.૨૯ રહે.૧૨૭ ચૌથૈયા થોક ચાંદનગામ તા.હિન્ડોન થાના/પોસ્ટ:શ્રીમહાવીરજી જી.કરોલી રાજસ્થાન નાને લાવી તા.૧૯/૧૧/ ૨૦૧૮ ના રોજ ધરપકડ કરેલ છે.

## આરોપીના ગુનાઓની વિગત

પકડાયેલ આરોપી વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જર નાનો નીચે મુજબના ગુનાઓમાં નાસતો ફરતો હોવાનુ જણાઇ આવેલ છે.

(૧) પકડાયેલ આરોપી અને તેના સાગરીતોએ સને ૨૦૧૦ માં વસ્ત્રાલ રોડ ખાતે આવેલ માધવપાર્ક સોસાયટીમાં રહેતા માનવેન્દ્રસિંહ રાજપુત તથા બીજા માણસોને કેશવપાર્ક સોસાયટીની સામે રબારીની કીટલી પાસે તલવાર,ચપ્પુ જેવા ઘાતક હથીયારો વડે ઘા મારી ઇજાઓ પહોંચાડી નાસી ગયેલ.જે અંગે રામોલ પો.સ્ટે ખાતે ફગુરનં.૧૫૦/૨૦૧૦ ઇપીકો કલમ ૩૨૪.૧૧૪ તથા બી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) પકડાયેલ આરોપી અને તેના સાગરીતોને બળવંતભાઇ ત્રિકોલનાથ વર્મા રહે.હનુમાનનગર સી.ટી.એમ અમરાઇવાડી અમદાવાદ નાઓની સાથે સને ૨૦૧૧ વાસી ઉતરાયણના દીવસે ઝઘડો થયેલ જેની અદાવત રાખી પકડાયેલ આરોપી વિનોદ @ દાતલો તથા હેમંત @ પપ્પુ પાલ અને અજીત હમીરસિંહ વાઘેલા નાઓએ તા.૧૩.૪.૨૦૧૧ ના રોજ બળવંતભાઇ ત્રિકોલનાથ વર્મા ને સી.ટી.એમ હનુમાનનગર બનારસી પાન પાર્લર પાસે ચાકુ વડે ઘા મારી ઇજાઓ પહોંચાડી નાસી ગયેલ.આ બનાવ અંગે અમરાઇવાડી પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં.૧૫૯/૨૦૧૧ ઇપીકો કલમ ૩૨૬.૩૨૪.૫૦૬(૧).૧૧૪ તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૩) ઉપરોકત બનાવ અનુસંધાને ફરીયાદી બળવંતભાઇ ત્રિકોલનાથ વર્માને સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ અને ફરીયાદી સારવાર હેઠળ એલ.જી.હોસ્પીટલમાં હતા ત્યાં પકડાયેલ આરોપી વિનોદ @ દાતલો , અમીત @ કાંચો ભરતસિંગ  થાપા, હીતેષ @ ચકો હર્ષદભાઇ બારોટ તથા અજીત હમીરસિંહ વાઘેલા નાઓએ ભેગા મળી એલ.જી.હોસ્પીટલ જઇ બળવંતભાઇ ત્રિકોલનાથ વર્માને પોતાની પાસેના છરા અને ચાકુ જેવા ઘાતક હથીયારોથી ઘા મારી ગંભીર જીવલેણ ઇજાઓ પહોંચાડી મોત નીપજાવી ભાગી ગયેલ.આ બનાવ અંગે મણીનગર પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં.૯૭/૨૦૧૧ ઇપીકો કલમ ૩૦૨.૩૨૪.૪૫૦.૧૨૦(બી).૩૪ તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૪) ઉપરોકત ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓ પૈકી આરોપી હીતેષ @ ચકો હર્ષદભાઇ બારોટ નાને વડોદરા પાદરા રૂરલ પો.સ્ટે સ્ટે.ડા.એ નં.૮/૧૬ તા.૧૭.૧.૧૬ સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબના કામે પકડી અટક કરવામાં આવેલ અને તેની પુછપરછ દરમ્યાન તેના રહેણાંક સીટીએમ ઇન્દીરાનગર સોસાયટી જવાના રોડ ઉપર આવેલ નુતન વર્ષા સોસાયટીમાં લગાવેલ બોર્ડ નીચે દીવાલની બાજુમાં એક પ્લાસ્ટીકની થેલીમાંથી બે પીસ્ટલ તથા નાના કાર્ટીસ નંગ-૮ મળી આવેલ અને સદર હથીયારો આ પકડાયેલ આરોપી વિનોદ @ દાતણીયા @ દાતલો હરવિરસિંગ ગુર્જર તથા અન્ય નાઓની પાસેથી વેંચાણ લાવેલ હોવાનુ જણાવેલ.આ અંગે ડી.સી.બી.પો.સ્ટે.સે ગુરનં.૩૦૦૭/૧૬ ધી આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બી-એ મુજબનો ગુનો નોંધાયેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ સને ૨૦૦૮ માં અમરાઇવાડી પો.સ્ટે.માં મારામારીના ગુનામાં પકડાયેલ છે.તેમજ સદરી આરોપી આશરે આઠેક વર્ષ બાદ પકડાયેલ છે.જેથી આ દરમ્યાનમાં તેણે આ સિવાય બીજા આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**વટવા પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સ્ટાફના માણસો વટવા પો.સ્ટે. દાખલ થયેલ (૧) ગોમતીપુર પો.સ્ટે. પ્રોહી.ગુરનં.૫૩૪૬/૧૬ પ્રોહી કલમ ૬૬(બી)- ૬૫(એ)(ઈ)- ૧૧૬(૧)(બી)- ૮૧ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૪૫૮/૧૮ પ્રોહી કલમ ૬૬(બી)-૬૫(એ)(ઈ)- ૧૧૬(બી)- ૮૧ મુજબના ગુનાના કામનો આરોપી મોહંમદએજાજ ઉર્ફે માધુ જાડીયા સ/ઓ મોહંમદનિઝામ મોહંમદઅફજાલ જાતે-સલમાની ઉ૦.૨૯ રહે- મ.નં.૧૫ સાનીયાપાર્ક યાકુબભાઈના ખેતરમાં નવાપુરા વટવા અમદાવાદ શહેરનાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક; - પીસીબી/ડીટીએન/પાસા/૧૧૦૮/૨૦૧૮ તા.૧૯/૧૧/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૯/૧૧/૨૦૧૮ ના કલાક ૨૦/૦૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.